EXTRA No. 04

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, JULY 10, 2025 / ASADHA 19, 1947**

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ- ૧૨મી જુન, ૨૦૨૪.

કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮.

ક્રમાંક: GR/2024/57/LED/ESI/e-file/11/2022/0003/M-3.-૨. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., મહેસાણાએ તેમના જુદા જુદા પત્રોથી કામદાર રાજય વિમા અધિનિયમ, ૧૯૪૮ ના અમલીકરણમાંથી મુક્તિ માંગેલ હતી. તેમની આ રજુઆત અનુસંધાને કામદાર રાજય વિમા નિગમના પરામર્શ બાદ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૦૪/૦૯/૨૦૨૧ના પત્ર ક્રમાંક: ઈએસઆઈ/૧૮૨૦૧૪/૩૭૦૮૦૬/મ(૩)થી અસ્વિકાર કરવામાં આવતાં તેમણે નામ. હાઈકોર્ટમાં ખાસ દિવાની અરજી નં. ૦૦૪૧/૨૦૨૨ દાખલ કરેલ હતી. નામ. હાઈકોર્ટ તા.૨૫/૦૧/૨૦૨૪ના હુકમથી આ વિભાગના તા.૦૪/૦૯/૨૦૨૧નો નિર્ણય રદ બાતલ ઠરાવેલ અને મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.. મહેસાણા દ્વારા કામદાર રાજય વિમા અધિનિયમ, ૧૯૪૮ના અમલીકરણમાંથી મુક્તિ આપવાની અરજીઓ મુક્તિ આપવાના સમયગાળા અગાઉ સમયમર્યાદામાં કરેલ હોઈ, તથા તેઓને પશ્ચાદવર્તી અસરથી મુક્તિ માંગેલ ન હોવાનું જણાવી તેમની મુક્તિ આપવા અંગેની ઉપર્યુકત અરજીઓ અન્વયે જરૂરી વિચારણા કરવા જણાવેલ હતું.

૩. નામ. હાઈકોર્ટના ખાસ દિવાની અરજી નં.૦૦૪૧/૨૦૨૨ના તા.૨૫/૦૧/૨૦૨૪ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરાયેલ અવલોકન તથા આપવામાં આવેલ ચુકાદાને ધ્યાને રાખી સંસ્થા દ્વારા તેઓના તા.૧૦/૦૫/૨૦૧૮, તા.૨૫/૦૭/૨૦૧૯ અને તા.૧૫/૦૬/૨૦૨૦ ની અરજી દ્વારા કામદાર રાજય વિમા અધિનિયમ હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના એમ ક્રમિક વર્ષના સમયગાળા માટે મુક્તિ આપવા બાબતે કરેલ અરજીઓના અનુસંધાને નામ. હાઈકોર્ટના ખાસ દિવાની અરજી નં. ૦૦૪૧/૨૦૨૨ ના તા.૨૫/૦૧/૨૦૨૪ નો ચુકાદો સ્વિકારવાનો સરકાર સાથે નિર્ણય કરેલ હોઈ, કામદાર રાજય વિમા અધિનિયમ, ૧૯૪૮ ની કલમ ૮૭ અને ૯૧(એ) થી મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., મહેસાણાને તા.૦૨/૧૦/૨૦૧૮ થી તા. ૦૧/૧૦/૨૦૨૧ સુધીના સમયગાળાને તત્કાલિન સમયની જોગવાઈ હેઠળ કામદાર રાજય વિમા નિગમ અધિનિયમની જોગવાઈઓની અમલવારીમાંથી આથી મુક્તિ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ગગુભા રાજ

નાયબ સચિવ (શ્રમ)

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ.

Signature Not Verified

Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.12 12:33:53 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara